તકેદારી અધિકારીશ્રીઓને ખાસ
અધિકારીશ્રી તરીકે નિમણુંક આપવા
બાબત.

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:હસલ/૧૦૯૬/૯૯૩/ હ.સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨/૪/૧૯૯૭

<u>વંચાણે લીધો</u> :

(૧) નિયામકશ્રી (સમાજ કલ્યાણ)નો તા.૭/૨/૯૭ નો પત્ર
ક્રમાંક:સક/સેલ/૨/૯૭/૭/૩૯૧૩.

<u>ઠ રા વ :-</u>

અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૨૩(૧) થી મળેલ સત્તાની રુએ કેન્દ્ર સરકારે તેમના તા.૩૧/૩/૯૫ ના જાહેરનામાથી ''અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫'' બહાર પાડેલા છે. આ નિયમોના નિયમ-૧૦ અન્વયે અત્યાચાર અધિનિયમ-૧૯૮૯ ના અસરકારક અમલ માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાના ન હોય એવા ખાસ અધિકારીની નિમણુંક કરવાની જોગવાઈ થયેલ છે. નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાએ ઉકત (૧)માં વંચાણે લીધેલા પત્રથી દરખાસ્ત કરતા આ જોગવાઈ અન્વયે તકેદારી અધિકારીઓને ખાસ અધિકારી તરીકે નિમવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે અનુ.જાતિ/જનજાતિ પર થતા અત્યાચારની કામગીરી સંભાળતા તકેદારી અધિકારીશ્રી તરીકે અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે ફરજ બજાવતા તકેદારી અધિકારીશ્રીઓને 'ખાસ અધિકારી' તરીકે નિમણુંક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. તકેદારી અધિકારીશ્રીઓએ ખાસ અધિકારી તરીકે અનુ.જાતિ અને અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ ની કલમ-૧૦ માં

દર્શાવવામાં આવેલ બાબતો અંગેની કામગીરી બજાવવાની રહેશે અને તે બાબતો માટે જવાબદાર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિ. મં. પરમાર )
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ~~સચિવાલય~~ રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ

સચિવાલયના સર્વે વિભાગો

નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા પોલીસ વડાશ્રીઓ

તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ.

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.

સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ

મનસુખ/૧.૪૯૭